### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

### સંચાલિત

# પંચોલી નવયુગ

# 2019

## WELCOME

જાન્યુઆરી-૨૦૧૯ અંક - ૧ વર્ષ ૫૬ સળંગઅંક ૪૫૮

માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com

Web site : www. pancholisamaj.org



**સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી**
**રાજપીપલા**

જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

**નવયુગ શુભેચ્છક**

## એકવીસમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

### અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સૅન્ટર સામે,
પ્લૉટ ૬-ડી, દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

**નવયુગ શુભેચ્છક**

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા કી જય હો....
નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને
અમારા

### વર્ષ ૨૦૧૯ના સાલમુબારક

કિરણ મણીલાલ પંચોલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી
અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી
ચિ.. અક્ષર જયેશભાઈ ગાંધી

2010-2030

# ૫૦મા જન્મ દિવસે ત્રિવેણી સંગમ



**માતુશ્રી(સાસુમા)**
**અ.નિ.જસુમતી મોહનલાલ ગાંધી**
**૭૫મો જન્મ દિવસ**
જન્મ તા. ૧૦:૦૧:૧૯૩૪ અ.નિ. તા. ૦૧:૧૨:૨૦૧૪

**માતુશ્રી**
**અ.નિ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી**
**૧૦મી પૂણ્યતિથિ**
જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.નિ.તા. ૨૧.૧.૨૦૦૯

**ગુરૂહરિ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરૂહરિ મહંતસ્વામી મહારાજના શુભાશિષથી**
**શ્રીમતિ ગીતાબેન જયેશકુમાર ગાંધી**
**તા. : ૧૦:૦૧:૨૦૧૯ના રોજ જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે.....**



**હાર્દિક અભિનંદન**
**શ્રી જયેશભાઈ મોહનભાઈ ગાંધી**
**શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી**
**શ્રીમતિ હેતલ અક્ષર ગાંધી**

**વ્યારા-જિ. તાપી**

## નવયુગ શુભેચ્છક

# દશમી પૂણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી



અક્ષરવાસી

**ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી**

જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.નિ.તા. ૨૧.૧.૨૦૦૯

**શાંતાબા સાથે વ્હાલના આઠેય દરિયા**

**પદમાબેન, જ્યોતિબેન, માયાબેન,**
**પ્રવિણાબેન, હેમાબેન, ગીતાબેન**
**સોનલબેન, અલૌકી**

કોણ કહે છે દીકરી તો છે સાપનો ભારો ?
મારી આઠેય દીકરી તો છે વ્હાલના દરિયા,
દીકરી તો છે મારા પ્રાંગણનો તુલસીનો કયારો,
દીકરી તો છે મારા કાળજા કેરો કટકો,
દીકરી તો છે અમારા બન્નેના પ્રેમની અમરવેલી,
દીકરી એતો ભુલાવી દીધા છે પેંડા જલેબીના ભેદભાવો,
દીકરી એતો સર્જ્યા છે પુરુષપ્રધાન સમાજમાં ચમત્કારો,
દીકરી તો છે અમારા પરિવારનું શીલ અને સૌંદર્ય,
દીકરી તો છે સત્કર્મથી છલકાતી સુવાસ,
દીકરી તો છે મારા સ્વપ્નનું સાકાર રૂપ,
દીકરી તો છે મારી સાચી પ્રતિકૃતિ,
દીકરી તો છે બન્ને કુળની કુળદીપિકા,
દીકરી તો છે મારા દુઃખોની સહેલી,
દીકરી તો છે મારા ઘડપણની લાકડી,
દીકરી તો છે સત્પુરુષ થકી 'અક્ષરધામ' પમાડનારી,
તો બોલો, હવે કહેશો દીકરી છે સાપનો ભારો ?
ના ! ના ! દીકરી તો છે અપાર સ્નેહનો ઉછળતો
'વ્હાલનો દરિયો'



## નવયુગ શુભેચ્છક

# નવમી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ



**સ્વ. કૃષ્ણકાંત ઉતમરામ મારફતીઆ**

જન્મ : ૨૦.૯.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યું જીવન, પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના સતત પ્રયાસો તથા સચ્ચાઈ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે ને રહેશે.' આપના દેહવિલયને આજે છ વર્ષ પૂરા થયા છે, ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....

## અર્પણકર્તા

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ
ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ
નિરજકુમાર કે. મારફતીઆ સ્વાતિ નિરજ મારફતીઆ
ચિ. પ્રાર્થવી નિરજ મારફતીઆ ચિ. આર્યન નિરજ મારફતીઆ
હર્ષકુમાર કમલેશભાઇ શાહ મેઘના હર્ષકુમાર શાહ
શ્રી અનિલકુમાર યુ. મારફતીઆ શ્રીમતિ વાસંતીબેન એ મારફતીઆ

૪૧/૭, 'શ્રી કૃષ્ણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઇન્સ, સુરત – ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧–૨૬૧–૨૨૫૭૨૬૪
મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

## જાન્યુઆરી - ૨૦૧૯

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** **રૂા. ૧૦/-**
**વાર્ષિક લવાજમ** **રૂા. ૧૦૦/-**

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો
કુશળ હશો...
બીત ગયા જો સાલ ઉસકો ભૂલ જાયે
ઈસ નયે સાલ કો ગલે લગાયે
કરતે હૈ દુઆ હમ રબ સે સર જુકાકે
ઈસ સાલ કે સારે સપને પુરે હો આપકે
નયા સાલ આપ સબ કો મુબારક

**HAPPY NEW YEAR**

તા. ૨૩ ડિસેમ્બરે સુરત મુકામે મહામંડળ પ્રેરીત અને સુરત સમસ્ત પંચ દ્વારા આયોજીત ક્રિકેટ મહોત્સવ રંગે ચંગે પૂર્ણ થયો અને મહામંડળની યશકલગીમાં એક પીછું ઉમેરાયું... અભિનંદન છે.... મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઈને, પંચ પ્રમુખ શ્રી મુકેશભાઈને, કન્વીનરશ્રી ઉમેશભાઈને..., મેચમાં ભાગ લેનાર દરેક ટીમના પ્લેયરોનો... તથા પ્રેક્ષકગણોનો..... સુંદર આયોજન સાથે ખેલદીલી પૂર્વક સંપન્ન થયો.... મઝા આવી ગઇ...

મહામંડળ આયોજીત દરેક કાર્યક્રમોમાં દરેક જ્ઞાતિજનો તને - મને અને ધનથી સહયોગ આપી મહામંડળની પ્રગતિના સહભાગી બનીએ એજ વિનંતી.

દિપોત્સવી અંકો ઘણા જ્ઞાતિજનોને મળી ગયા હશે... સુરતના ૧૦૦ ઉપર નવયુગ રીટર્ન થયા છે.. કારણ સરનામાને લીધે - અધુરા એડ્રેસ અને સીફટેડ... તો તમને નવયુગ ના મળ્યા.... મારે ત્યાં રીર્ટન થયા... નવયુગનો ખર્ચ અને પોષ્ટીંગનો ખર્ચ... દિવાળી અંક કુરીયરમાં... આ બધો ખર્ચ નવયુગને માથે જ પડેને... તમે જાહેરાત કેટ ચેટ ના આપો પણ એક એડ્રેસ મોકલી નવયુગનો ખર્ચ બચાવી એટલી તો સહાય કરી શકો ને ? તો એક નમ્ર વિનંતી કે જેમને નવયુગ ન મળ્યુ હોય એ આંગડીયા કે કુરીયર દ્વારા આપનું સાચુ સરનામુ મોકલાવશો...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સે.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

૨૦૧૮નું વર્ષ ધીરે પગલે આપણા સૌ વચ્ચેથી વિદાય લઇ લીધી છે અને એની જગ્યાએ વર્ષ ૨૦૧૯ને આપણે હર્ષભેર વધાવીએ.. ૨૦૧૯ નવી આશા, નવી ઉમંગ લઈને આવે એવી શુભેચ્છાઓ, આપણું મહામંડળ પણ ખૂબ ખૂબ પ્રગતિ કરે અને નવા પોગ્રામો નિયમિત થતા રહે.. સૌ હળીમળીને એન્જોય કરે એવી શુભેચ્છાઓ...

૨૦૧૮ની છેલ્લી ઈવેન્ટ સુરત એકમ દ્વારા આયોજીત ક્રિકેટ મહોત્સવનું સફળ આયોજન પૂર્ણ થયું, સુરતના હોદ્દેદારો અને કારોબારી સભ્યોને સૌ પ્રથમ ખૂબ ખુબ અભિનંદન, તમામ પીરસ્થિતિઓમાં પોઝીટીવ નિર્ણયો હોય તો આયોજનની સફળતા સ્વાભાવિક હોય જ.. જે સુરત એકમે સાબિત કર્યુ, આ પ્રસંગે મહામંડળને સાથ અને સપોર્ટ અપનાર ડૉ. મહેશભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખશ્રી મુકેશભાઇ પંચોલી, આઇ.પી.પી. મનિષભાઇ પંચોલી, શ્રી કિશોરભાઇ અને શોભાબેન મિસ્ત્રી તથા સપોર્ટ આપનાર તમામ મહાનુભાવો/ એકમો એપ્રિશીએશનના અધિકારી છે... ક્રિકેટ મહોત્સવમાં ભાગ લેનાર અને ખેલને ખેલદીલી પૂર્વક રમવા બદલ અંકલેશ્વર, બીલીમોરા, પાલવિભાગ, વડોદરા, વ્યારા, રાજપીપલા અને સુરતની ટીમોને અભિનંદન.

સારા કામમાં સો વિઘ્નો આવે તેમ ક્રિકેટ મહોત્સવમાં પણ આવ્યા, પણ જેનો અંત સારો એનુ સહુ સારું. સૌથી વિશેષ અભિનંદન ટીમ યુનિટ ખેલાડીઓને કે જેઓએ અમારી એક અપીલ પર અન્ય ટીમ સાથે રમવા તૈયારી બતાવી અને જરૂર પડે તો તેઓને નહી રમાડવા માટેની સત્તા પણ મહામંડળને આપી, અંકલેશ્વર, બીલીમોરા, સુરત એકમોની ટીમ યુનીટીના ખેલાડીઓને પોતાની ટીમમાં સમાવવા બદલ અભિનંદન..

ચેમ્પીયન ટીમ સુરત તથા રનર્સ અપ રહેલ વડોદરાને મારા હાર્દિક અભિનંદન, મે છેલ્લે પ્રમુખ નોંધમાં લખ્યુ હતું કે કોઇપણ ટીમ વિજેતા બને પણ જીત તો રમતની જ થવી જોઇએ.. આભાર ૮ ટીમો + ટીમ યુનિટીનો રમતને જીતાડવા બદલ.. ખરેખર ખૂબ જ સારા વાતાવરણમાં સૌએ ક્રિકેટ મહોત્સવ અને સુરતના આતિથ્યને માણ્યુ, ઉપપ્રમુખશ્રીના શબ્દો મુજબ મઝા આવી ગઇ....

આજના દિવસે એટલે કે તારીખ ૨૩.૧૨.૨૦૧૮ના રોજ નવસારી એકમે એક દિવસીય ટુરનું આયોજન કર્યુ, અભિનંદન. સાથે સાથે એજ દિવસે સુરત મુકામે મહામંડળના કાર્યક્રમમા હાજર રહેલ નવસારીના પ્રણવ પંચોલીની કોમેન્ટરી દ્વારા મઝા આવી ગઇ.. શબ્દોને સાચા કરી બતાવ્યા, સાથી કોમેન્ટેટર દિપકભાઇ સાથે..

ટીમ અંકલેશ્વર હવે આગામી આકાંક્ષા-૩ માટે એકટીવ થાય એવી અપેક્ષા ખરી, અંકલેશ્વરની ટીમને કોઇપણ નેગેટીવ પરીબળોને ધ્યાનમાં ન લઇ આગળ વધવા અપીલ છે અને એટલી ખાત્રી આપી શકુ કે અમો તમારી સાથે જ છીએ અને રહીશું, કોઇપણ પરિસ્થિતિમાં..

જાન્યુઆરી મહિનો આવી ગયો છે, એકાઉન્ટીંગ ઇયર એન્ડીંગ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ તો મહામંડળની તમામ સંલગ્ન સંસ્થાઓના હોદ્દેદારોને તેઓની સંસ્થાના એકાઉન્ટ અપડેટ કરાવી લેવા વિનંતી છે. અમોને એપ્રિલની ૧૫મી સુધીમાં તમામ એકાઉન્ટ મોકલવા આજથી જ તૈયારી કરશો. અમોએ તબીબી સેવા સંકુલ તથા સ્વ. સી.ટી.સ્મારકનિધિને કોન્ટ્રીબ્યુશન ટ્રાન્સફર કરી દીધું છે...

સમાન્ય સભા ઠરાવ મુજબ શ્રી પંચોલી સમાજ સુરક્ષા

યોજનાના એકાઉન્ટ બંધ કરાવવાની પ્રોસેસ પણ ચાલુ છે. શ્રી નવિનભાઇ સી. પંચોલી-વ્યારા ખૂબ જ રસ લઇને આ કાર્ય કરી રહ્યા છે, તેઓ ખરેખર અભિનંદનના અધિકારી છે...

આપણા નવયુવાનોને મહામંડળના બંધારણથી અવગત કરાવવા એકાદ પોગ્રામનું આયોજન કરવા વિચારણા છે અથવા મહામંડળના કોઇ કાર્યક્રમમાં પણ ૧૦ મિનિટ આ માટે ફાળવી શકાય. આપના મંતવ્યનો ઇંતજાર રહેશે...

મિત્રો અંતમાં એક વિનંતિ છે વોટસએપ કે અન્ય સોશ્યલ મીડીયાનો સમજીને ઉપયોગ કરીએ તો વરદાન છે અન્યથા ભસ્માસૂર, આપને મળેલ કોઇ પણ મેસેજ ફોરવર્ડ કરવા જેવો છે કે કેમ ? બે વાર જરૂરથી વિચાર્યા બાદ જ ફોરવર્ડ કરશો... અંતમાં વોટસએપ પર જ મળેલ એક મેસેજ...

સૃષ્ટીનો નિયમ છે તમો જે વહેચશો<br>
તે જ તમને ફરી બે હિસાબ મળશે,<br>
ચાહે ધન હો, ચાહે સન્માન હો,<br>
ચાહે નફરત હો યા મહોબ્બત...<br>
પસંદ અપની અપની....*So go with right choice*

## હેપી બર્થડે.....



વ્યારા નિવાસી શ્રીમતિ ગીતાબેન જયેશકુમાર ગાંધી તા. ૧૦:૦૧:૨૦૧૯ ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ કરે છે.. સમગ્ર પંચોલી સમાજ ૫૦મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.....



જબુગામ નિવાસી શ્રી કિશનભાઇ એમ. પંચોલી તરફથી જન્મદિન નિમિત્તે રૂા. ૫૦૦ નવયુગ શુભેચ્છા ભેટ

## અભિનંદન..અભિનંદન...
## ૮૧મા જન્મદિવસના અભિનંદન...



**નમ્રતા-વિવેક-સદાચારીના આચરણધારી**<br>
**અ.સૌ. પદમાબેન રામુભાઇ પંચોલી**<br>
**જન્મ તા. ૩૧:૧૨:૧૯૩૭**

**તુમ જીયો હજારો સાલ....**<br>
**સાલ કે દિન હો પચાસ હજાર....**

**શુભેચ્છક**

શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલી<br>
શ્રી સનતકુમાર રામુભાઇ પંચોલી-પુત્ર<br>
શ્રીમતિ જયશ્રીબેન સનતકુમાર પંચોલી-પુત્રવધૂ<br>
બ્રિજેશ સનતકુમાર પંચોલી-પૌત્ર<br>
વૃંદા સનતકુમાર પંચોલી-પૌત્રી<br>
વ્યારા


શ્રીમતિ બીનાબેન હરીશભાઇ પંચોલી<br>
શ્રી હરીશભાઇ ડાહ્યાભાઇ પંચોલી<br>
શ્રીમતિ હેમાક્ષી જતીનકુમાર પંચોલી<br>
શ્રી કૃણાલ હરીશકુમાર પંચોલી<br>
શ્રીમતિ નિધિ કૃણાલ પંચોલી<br>
વડોદરા

‘સદ્ભાવ’ ઢોડીયાવાડ, સ્વીમીંગપુલ પાછળ,<br>
વ્યારા, જિ. તાપી.<br>
ફોન ૦૨૬૨૬ - ૨૨૧૧૯૯ મો. ૮૧૪૦૨ ૩૧૧૯૯

# બોલાય જાય....

હવે તો હોઠથી સત્ય બોલાય જાય
સમય આવે માનવી એ બદલાય જાય
કોકના પંથે કાંટા ના બીછાવ સુમન સંગ કર
પૂજાય એ ફૂલો જયમ, જીવન પાવન બની જાય
આદર્શોના ધાગા મહીં ફૂલોની માળા ગુંથ
નત મસ્તકે માનવીને શાશ્વત પ્રેમ મળી જાય
રાહ એવી ચીતરજે પગલા પથ્થર બની જાય
માનવી બે ગજ કફન સીવાય આવે ના સંગ કાંઇ
લઇ આશિષ હીનના ઉજાળશો કોંકના દિલ
દુર્જન નો સંગ ન કરીએ પવિત્રતા લજવાય
તરૂવરનો ઓથ વેલો પગ ભર થઇ ઉભો
દીધો સંગ ભૂલી ગુણને અવગુણી થઇ જાય
શ્રધ્ધા તણો દીપ જલાવને જીવનમાં પ્રકાશ ઉજાળ
ઉજાગર કરી તવ અંતરમાં લાગણીઓ સમાય
માનવનો જન્મ લઇ સહુ અફસોસ કે માનવ થાવું નથી
માનવ જીવન એવું જીવજો કે મૃત્યુ પણ ઉજવાય જાય
દેખી તારી તસ્વીર આંખથી અશ્રુની ગંગા વહે
અધીર જીવન એવું જીવજે કોઇ હસે કોઇ રોય
અમર પટો લઇ જગે કે, ગુમાનમાં. આવ્યા સૌએ જવાનું
મારા પછી તારો વારો એજ સત્ય વાણી સર્જાય

**અમૃત સી. પંચોલી-અધીર (મુંબઇ)**



## કુર્યાત સદા મંગલમ્

મુંબઇ નિવાસી શ્રીમતિ દક્ષાબેન તથા શ્રી ઉદયભાઇ મનુભાઇ મિસ્ત્રીના સુપુત્ર ચિ. સાગરના શુભ લગ્ન મુંબઇ નિવાસી શ્રીમતિ નીતાબેન તથા શ્રી નિતિનભાઇ મહેતાની સુપુત્રી ચિ. કિંજલ સાથે તા. ૨૯.૧૨.૨૦૧૮ના રોજ થયા...

# પંચોલી મહિલા સંગઠન





પંચોલી મહિલા સંગઠન તથા શોભાબેન અને જ્યોતિબેન તરફથી સર્વે જ્ઞાતિજનોને ઈસવીસન વર્ષના નવાગમન પ્રસંગે **HAPPY NEW YEAR 2019.**

વિદાય થતું વર્ષ ૨૦૧૮ ને આપણે સૌ આવજો કરી નવા વર્ષ ૨૦૧૯ ને ઉલ્લાસ થી વધાવીએ. નવા વર્ષમાં સર્વેજનો સુખ , શાંતિ , સમૃધ્ધિ પ્રાપ્ત કરે અને ગત વર્ષના અનુભવ માથી નવું કઈક શીખે. ઓગષ્ટ ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૮ સુધીના અમારા દ્વારા આપવામાં આવેલ દરેક પ્રોજેકટ વિવિધ એકમોએ ખૂબ ઉત્સાહથી અને નિત નવા પ્રયોગાત્મક રીતે પાર પાડ્યા. કાર્યરત એકમોના મહિલા સંગઠનની બહેનોને ખૂબ ખૂબ અભિનંદન. આવનારા વર્ષોમાં પણ આપ સૌ આજ રીતે સાથ સહકાર આપતા રહેશો એવી અભ્યર્થના.

ઈસવીસન વર્ષ ૨૦૧૯ ને આવકારતા અમો આનંદની લાગણી અનુભવીએ છીએ. તો ચાલો વર્ષ ૨૦૧૯ ના જાન્યુઆરી થી જૂન માસ સુધીના પ્રોજેકટ અત્રે રજૂ કરીએ છીએ. આપેલા પ્રોજેકટને ચુસ્ત રીતે વળગી રહેવાને બદલે દરેક એકમ એમાં પોતાની રીતે નવીનતા લાવી શકે છે. ઉપરાંત સ્થાનિક ક્ષેત્રે આપણા સમાજની ઓળખ ઊભી કરવા પ્રયત્ન કરીએ .

| | | |
|---|---|---|
| જાન્યુઆરી | - | ઉતરાયણ અને પ્રજાસતાક દિન ની ઉજવણી અને ચીકી બનાવવાની સ્પર્ધા |
| ફેબ્રુઆરી | - | સલાડ ડેકોરેશન અથવા વાનગી સ્પર્ધા |
| માર્ચ | - | પિકનિક , સ્ત્રી રોગ વિષે સ્ત્રીઓમાં સજાગતા કેળવાય તેવા પ્રયત્નો |
| એપ્રિલ | - | કોઇપણ એક સામાજિક સંસ્થાની મુલાકાત |
| મે | - | તેજસ્વી વિધ્યાર્થીઓનું સન્માન. અથાણાં સ્પર્ધા |
| જૂન | - | વૃક્ષોનું મહત્વ સમજાવવા માટે વૃક્ષારોપણ શાળામાં ગરીબ બાળકોને સહાય |

આ પ્રોજેકટ અમારા તરફથી સૂચન માટે છે. દરેક એકમ પોતાના તરફથી તેમાં વિવિધતા લાવી શકે છે. આપેલા પ્રોજેકટ સિવાય પણ તમે તમારા એકમમાં વિવિધ પ્રવૃતિઓ કરી શકો છો. ચાલો તો નવા વર્ષમાં નવા ઉત્સાહ અને ઉમંગથી સૌનો સાથ મેળવી સૌનો વિકાસ કરીએ .ફરી એકવાર સૌ ને

**HAPPY NEW YEAR 2019.**

અધ્યક્ષા ; શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી – બીલીમોરા
કૉ ઓર્ડિનેટર ; જ્યોતિબેન સુભાષભાઇ પંચોલી – વડોદરા

આ દુનિયા માં સુખી થવું હોય
તો આટલું કરવું...

પ્રેમ અને પૈસાનું
કદી પ્રદર્શન ના કરવું.

જીવન માં જે વાત ભૂખ્યું
પેટ અને ખાલી ખિસ્સું શીખવે છે,

તે વાત કોઈ શિક્ષક
પણ ના શીખવી શકે.

ઘણી વાર જીવનમાં
નવો રસ્તો મેળવવા
માટે ભૂલા પડવું
પણ જરૂરી છે.

# સુવાસ - સંસ્કારોની

શ્રી પરેશભાઇ એ. પંચોલી
વલ્લભ વિદ્યાનગર

સંસ્કાર તો દીપક છે..... જીવનને અજવાળે છે, અંધકારને મારી હટાવે છે. આપણાં જીવનની સાચી મુડી જ સંસ્કારો છે. ભીતરી સુવાસ વિના સંસ્કારો ખીલે નહીં. જો જીવનમાં સંસ્કારની સુવાસ ફેલાવી શકીએ તો સોનામાં સુગંધ ભળ્યા જેવો સુઅવસર પ્રાપ્ત થાય.

સંતાનોને 'કાર' ભલે ન આપો તો ચાલશે પણ સંસ્કાર તો જરૂર આપો. જો બાળકોને સંસ્કાર નહીં આપીએ તો સંપત્તિ તેમજ સંતતિ બન્ને ગુમાવવાનો વારો આવે....સાવધાન..

સંસ્કારો પ્રાપ્ત કરવા માટે પરસેવો પાડવો પડશે, પ્રકાશ પાથરવો પડે, જીવનની જમીનને ફળદ્રુપ બનાવે એવા સદ્દગુણોનું ખાતર પુરવું પડે. દીપકની જ્યોત કલાકો પર્યત ટકે, જ્યારે સંસ્કારોની જ્યોત જીવન પર્યત ટકે છે... સંસ્કાર જ માનવીને પૂર્ણતા તરફ લઇ જાય છે. સભ્યતા પણ સંસ્કાર જ શીખવે છે. કુટુંબમાં....સમાજમાં... શાળામાં.... રાષ્ટ્રોમાં જે કાંઇ સારું થતું હોય તેની સરાહના કરવી એ સભ્યતા અને સંસ્કારોનું રક્ષણ છે.

પૂર્વ જન્મનાં સંસ્કાર... જન્મજાત સંસ્કાર... માતા-પિતાના સંસ્કાર... ઉછેરના સંસ્કાર, આસપાસના વાતાવરણનાં સંસ્કાર.., માહિતી અભ્યાસજન્ય સંસ્કાર.. દેહ છે ત્યાં સુધી આ બધા સંસ્કારો છે. સુસંસ્કારો બે કામ એક સાથે કરે છે.

૧ ખરાબ નિમિત્તોમાં આપણને ખરાબ થતાં અટકાવે છે.
૨ સારા નિમિત્તોમાં સારા બનાવીને જ રહે છે..સુસંસ્કારો પરમકૃપાળુ પરમાત્માની કૃપા જ સમજો.

સારું... ખરાબ...પાપ...પૂણ્ય... સત્ય... અસત્ય વચ્ચેનો ભેદ પારખવાની વિવેક બુધ્ધિ એટલે જ સંસ્કાર. પથ્થરને સંસ્કાર આપવાથી.. ઘડવાથી તે દેવરૂપ બને છે.. માણસના સંસ્કાર આપવાથી તે પવિત્ર બને છે. સંસ્કૃતિનો માપદંડ એટલે સંસ્કાર, સંસ્કૃતિ..સંસ્કારની વૃદ્ધિથી ફાલે છે.. જ્યારે અસંસ્કારીક મુલ્યોની અવગતી થાય ત્યારે સમાજની સંસ્કૃતિ પડી ભાંગે છે. સંસ્કાર વિના યૌવન ઠેબા ખાય..

સંસ્કારીતાએ એકલા ઓઢીને ફરવાની મોંઘી 'સાલ' નથી, પણ અનેકને બેસાડવાની જાજમ છે. ગત જન્મમાં આચરેલી પાપ વૃત્તિઓથી ઉભા થયેલા પાપ સંસ્કારો ખૂબ જ મજબુત છે. તેથી સખ્ત પુરૂષાર્થની અત્યંત આવશ્યકતા છે. કળીયુગના વેરા પ્રભાવે સંસ્કારોની ખામી વર્તાય છે અને કર્મકાંડનું જડત્વ રહી ગયું એવા કર્મકાંડો ટકે તો પણ શું ? અને ન ટકે તો પણ શું ? જીવન વ્યવહારમાં ફર્ક ન પડે તો એવા કર્મકાંડનો શો અર્થ.. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે..? જ્યારે બાહ્યાંતર ક્રિયાકાંડથોથી મુક્ત થળશું ? સુસંસ્કારો હશે તો વિકારો જશે. વિકાસ થશે. માનવ જીવન સંસ્કારોથી સુવાસિત બનશે... બીજા માટે દીવાદાંડી રૂપ બની જશે...

## નર જન્મ કિસકા હે સફળ....

દુ:સંગ મે જાતા નહીં, સત્સંગ કરતા નિત્ય હૈ
કુગ્રન્થ ન પઢતા કભી, સદ્‌ગ્રંથ પઢતા નિત્ય હૈ.
શુભ ગુણ બઢાતા હૈ સદા, અવગુણ ઘટાનેમેં કુશલ,
મન શુધ્ધ હે વશ ઇન્દ્રીયાઁ, નર જન્મ ઉસકા હૈ સફલ.
ધનકો કમાના જાનતા, ધન ખર્ચ કરના જાનતા,
સજ્જન તથા દુર્જન તુરંત, મુખ દેખતે પહેચાનતા,
હો પ્રશ્ન કૈસા હો કઠીન, ઝટ હી સમજ કર દેય હલ
ધર્મજ્ઞ ભી મર્મજ્ઞભી, નર જન્મ ઉસકા હૈ સફલ
ચિંતા ન આગે કી કરે, ના સોચ પીછે કા કરે,
જો પ્રાપ્ત હો સો લેય કર, મનમેં ઉસે નહીં ધરે.
જ્યો સ્વચ્છ દર્પણ ચિત્ત અપના નિત્ય ત્યોં રખે વિમલ
ચઢને ન ઉસ પર દેય મલ, નર જન્મ ઉસકા હૈ સફલ
લાયા ન થા કુછ સાથ મેં, ના સાથ કુછ લે જાયેગા,
મુઠ્ઠી બૅંધા આયા યહાઁ, ખોલુ યહાઁ સે જાયેગા,
રોતા હુઆ જન્મા યહાઁ હસતાઁ હુઆ જાયે નિકલ,
રોતે હુએ સબ છોડકર, નર જન્મ ઉસકા હૈ સફલ.
બાંધવ ન જાતે સાથમે, સબ રહ યહાઁ હી જાય હૈ,
નાતા નિભાપા બહુત, મર્ઘટ માઁહિ પહુઁચા આપ હૈ,
ઐસા સમજ વ્યવહાર ઉનશે, ધીર જો કરતા સરલ,
ના પ્રીતિ હી ના, બૈર હી, નર જન્મ ઉસકા હૈ સફલ.
મમ દેહ હૈ તૂ માનતા, તવ દેહ સે તૂ અન્ય હૈ
હૈ માલ સે માલિક અલગ, યહ બાત સબકો મન્ય હૈ,
જબ દેહ સે તુ ભીન્ન હૈ, ક્યોં ફીર બને હૈ દેહ મલ,
જો આપકો જાને અમલ, નર જન્મ ઉસકા હૈ સફલ.
તુ જાગને કો, સ્વપ્નકો, અરૂ નિંદ કો હૈ જાનતા,
યે હૈ અવસ્થા દેહ કી ક્યોં આત્મા ઇનકો માનતા ?
ના જન્મ તેરા, ના મરણ, તુતો સદા હી હૈ અટલ
જો જાનતા આત્મા અચલ, નર જન્મ ઉસકા હૈ સફલ.
કારણ બના હૈ જબ તલક, ના કાર્ય તબ તક જાયેગા,
ભોલા બના હૈ ચિત્ત તબ તક, ચૈત્યના છુટ પાયેગા,
પાતા વહી સામ્રાજ્ય અક્ષય, ચિત્ત જીસકા જાય ગલ,
ઇસ ચિત્તકો દેવે ગલાપ નર જન્મ ઉસકા હૈ સફલ.

રાકેશકુમાર વિઠ્ઠલદાસ પંચોલી-રાજપીપલા

# જીવન કી ડોર બડી કમજોર (વાર્તા)

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ



અમદાવાદના આનંદનગર વિસ્તારમાં આવેલી અદ્યતન 'શેલ્બી' હોસ્પિટલના ICU વિભાગમાં બેડ પર સૂતેલા જેકિશનભાઈએ પ્રયત્નપૂર્વક આંખો ખોલી. પ્રથમ તો આંખો સામે અંધારું છવાયેલું લાગ્યું, પણ ધીરે ધીરે પાંપણો ખોલી તો દિમાગ પર પણ અંધારું છવાઇ ગયું હોય એમ લાગ્યું.

થોડીવાર માટે 'પોતે ક્યા છે ?' એ યાદ કરવાનો પ્રયત્ન કર્યો, પરિણામ સ્વરૂપે માથામાં એક ભયંકર સણકો આવ્યો. એમણે પોતાનો જમણો હાથ ઉંચો કરી માથા સુધી લઇ જવાનો પ્રયત્ન કર્યો, પણ એમાં સફળતા ન મળી. હાથ પર જાણે કોઈએ મણબંધી વજન ખડકી દીધું હોય એવું લાગ્યું, મોમાંથી એક ઉન્હકારો નીકળી ગયો, એ આંખો મીચી ગયા.

જેકિશન ભાઇ કશું બોલવાનો પ્રયત્ન કરે તે પહેલાં એમના હાથ પર એક કોમળ અને વાત્સલ્યસભર હાથ મૂકાયો. એમણે ધીરેથી આંખો ખોલી અને એક આકાર પહેલાં ઝાંખો અને પછી સ્પષ્ટ દેખાયો. એ એમની દીકરી પૂર્વી હતી. હવે મગજે કામ કરવાનું શરુ કર્યું. 'પૂર્વી, તું વડોદરાથી અમદાવાદ ક્યારે આવી ?' એમણે પૂછ્યું.

'હું ક્યાં છું ? મારા હાથને, માથાને, દેહને શું થયું છે ? આખાય શરીરમાં આ કળતર શાનું છે ?' વહાલસોઇ દીકરીને જોતાં જ જેકિશનભાઇએ એકસામટા અનેક સવાલો પૂછી લીધા. પૂર્વી કંઈ જવાબ આપે તે પહેલાં જ ડ્યુટી પરની નર્સ જઇને ડોક્ટરને બોલાવી લાવી. ડોકટરે જેકિશનભાઇને તપાસીને દવા અને ઇન્જેક્શન આપ્યા. પૂર્વીની સામે જોઇને કહ્યું, 'પેશન્ટને આરામની ખુબ જ જરૂર છે, એમને વધુ વાતો કરાવશો નહીં.'

કશું બોલવા ઇચ્છતા પપ્પાને પૂર્વીએ કહ્યું, 'પપ્પા, અત્યારે તમે કશું બોલશો કે વિચારશો નહીં, તમારે આરામની ખાસ જરૂર છે.' એટલું કહેતા પૂર્વીએ આંખોમાં ધસી આવેલા આંસુઓના ધોડાપુરને, નીચલા હોઠ પર ઉપલો હોઠ દબાવીને માંડ માંડ ખાળ્યું. પિતાનું ઓઢવાનું સરખું કર્યું અને દોઢ દિવસની બેભાન અવસ્થામાંથી માંડ માંડ બહાર આવેલા પિતાના કપાળે હેતભર્યો હાથ પસવાર્યો.

પણ એમ કોઈના કહેવાથી કશું નહિ વિચારવાના આદેશને અનુસરે, તો માણસનું મન અમથું 'મર્કટ' જેવું કહેવાય નહીં ને ? જેકિશન ભાઈએ આંખો બંધ કરી એ સાથે જ એમનું દિમાગ કામે લાગી ગયું. 'પોતે અહીં હોસ્પિટલના બિછાને ક્યાંથી અને કેવી રીતે આવ્યા ?' એ સવાલે એમના મગજનો કબજો લીધો. દોઢ દિવસનું અંતર સ્મૃતિના સહારે વિતાવીને એ મનથી દીકરાના ઘરે પહોંચી ગયા. અને આખોય બનાવ કોઇ 'ડોક્યુમેન્ટરી ફિલ્મ'ના રીલની જેમ એમની બંધ આંખોમાંથી પસાર થવા લાગ્યો.

એ દિવસે બેંક હોલીડે હતો.આમ તો 'મોક્ષદા એકાદશી' હતી, પણ રજા હતી 'મોહરમ'ની. મુસ્લિમ બિરાદરો માટે એ માતમ એટલે કે શોકનો દિવસ ગણાય, પણ કોને ખબર હતી કે એ દિવસ પોતાના કુટુંબ માટે પણ શોકનો દિવસ બની જશે ? બે દિવસ પહેલાં જ ઓફીસના કામ અંગે રાજકોટ આવેલો એમનો દીકરો એમને આગ્રહ કરીને અમદાવાદ થોડા દિવસ રહેવા માટે લઇ આવ્યો હતો.

વર્ષોથી રાજકોટ રહેતા જેકિશન ભાઇ અને એમના પત્નીને અમદાવાદ કરતા રાજકોટમાં વધુ ગમતું. સરખે સરખી ઉમરના ગોઠીયાઓ સાંજે ચાલવાને બહાને બાગમાં ભેગા થતા. અને અલક મલકની વાતો પર કલાકો સુધી ગપાટા મારતા. એક ખુબ જ આત્મીયતાના સંબંધો સ્થપાઇ ચુક્યા હતા. અમદાવાદ પુત્રના ઘરે તેઓ પ્રસંગોપાત આવતા, પણ થોડા જ દિવસમાં રાજકોટ સાંભરી આવતું.

અમદાવાદ આવવાનું મુખ્ય આકર્ષણ રહેતું પૌત્રી પીન્કીનું. પીન્કી દાદા દાદીના હૈયાનો હાર હતી, તો આ બાજુ પીન્કીને પણ એમની એટલી જ માયા હતી.

રાજકોટ હોય ત્યારે દાદા દાદી અને પૌત્રીની કલાકો સુધી ફોન પર વાતો થતી. એમાં પીન્કીની એના મમ્મી-પપ્પા માટેની ફરિયાદ પણ આવી જતી. 'હું અમદાવાદ આવીશ ત્યારે તારા મમ્મી-પપ્પાને લડીશ, હોં.' એમ દાદા કહેતા ત્યારે પીન્કી હસી પડતી. એનું આ હાસ્ય એમના માટે પ્રાણવાયુ સમાન હતું.

જેકિશનભાઈને ધીરે ધીરે બધું યાદ આવી રહ્યું હતું. એ રજાનો દિવસ હતો, પણ પોતાના જેવા રીટાયર્ડ માણસ માટે તો શું હોલીડે કે શું વર્કિંગ ડે - બધા દિવસો સરખા. અને આમ પણ ઘડપણમાં ઊંઘ ઓછી જ થઇ જતી હોય છે, એટલે મોક્ષદા એકાદશીને દિવસે પણ પોતે ટેવવશ ૬ વાગ્યે ઊઠી ગયા,ઇશ્વર સ્મરણ કર્યું અને બ્રશ કર્યું એટલે પત્ની દીનાબેન ચા બનાવી લાવ્યા. બંને એ ગેલેરીમાં હિંચકે બેસીને નિરાંતે ચા પીધી.

પછી પોતે નહાવા ગયા અને દીનાબેને દુખતા પગે તેલમાલિશ કર્યું. તૈયાર થઈને પોતે મંદિર જઇને પાછા આવ્યા, ત્યાં સુધીમાં દીકરો મહેશ - પુત્રવધુ ચૈતાલી અને પૌત્રી પીન્કી બધા જાગી ગયા હતા. પીન્કી દોડીને દાદાજીના ખોળે બેસી ગઇ અને પૂછ્યું, 'દાદાજી, આજે ભગવાનજીએ કેવા કલરનો ડ્રેસ પહેર્યો હતો ?' પછી ઉમેર્યું, 'દાદાજી, આજે હું મારી ફ્રેન્ડ હેતાના ઘરે જવાની છું, એના ડેડી અમને મુવી જોવા લઇ જવાના છે.'

'અરે વાહ ! આજે તો મારી લાડકી પિક્ચર જોવા જવાની' કહીને એમણે વહાલ કર્યું. ચૈતાલી પિન્કીને નવડાવવા લઇ ગઈ એટલે જેકિશનભાઇ ટીવી પર સમાચાર જોવા બેઠા. મહેશને એના કોઈ ફ્રેન્ડનો ફોન આવ્યો એટલે, 'કલાકેકમાં આવું છું' કહીને એ કાર લઈને બહાર ગયો. પિન્કીને તૈયાર કરીને પછી ચૈતાલી અને દીનાબેન સિઝનના ચોખા સાફ કરવામાં વ્યસ્ત થયા.

ત્યાંજ ઘરનો ફોન રણક્યો, જેકિશનભાઇએ ઉપાડ્યો તો હેતાના પપ્પા સુધીરભાઈનો ફોન હતો, એમણે ખબર અંતર પૂછીને પછી કહ્યું, 'મહેશને કહોને પિન્કીને ઘરે મૂકી જાય.' ફોન મૂકીને જેકિશનભાઇએ ચૈતાલીને પૂછ્યું, 'હું પિન્કીને રીક્ષામાં હેતાના ઘરે મૂકી આવું ?' ચૈતાલીએ કહ્યું, 'પપ્પાજી, આટલી સવારમાં અહીં રીક્ષા મળશે નહીં, કાયનેટીક પડ્યું છે, તમને ચલાવતા ફાવે તો એના પર પિન્કીને મૂકી આવો.'

જેકિશનભાઇ રાજકોટમાં પણ સ્કુટર પર બધે જતા જ હતા, એટલે એમણે ટીવી સ્વીચઓફ કર્યું, અને સ્કુટરની ચાવી લીધી. પીન્કી તો ખુશીથી ઝૂમી ઉઠી, 'હે..આજે તો મને દાદાજી મૂકવા આવવાના અને તે પણ સ્કુટર પર.' 'બાય મમ્મી – બાય દાદી ' કહેતા પીન્કી હોંશભેર દાદાજીની આંગળી પકડી ઘરમાંથી બહાર નીકળી ત્યારે કોઈને પણ કલ્પના નહોતી કે આ એનું આખરી 'બાય બાય' હતું.

પિન્કીને કાયનેટીક પર પાછળ બેસાડીને સોસાયટીની બહાર નીકળીને જેકિશન ભાઇ આનંદ નગરના ટીવીએસ સર્કલના ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા, ત્યારે જ પાછળથી માલ ભરેલા ટેમ્પોએ સ્કુટરને જોરદાર ટક્કર મારી. આ ધક્કાથી પાછળ બેઠેલી પીન્કીના દાદાજીની કમર ફરતે વીંટળાયેલા નાના હાથ છૂટી ગયા, એ સડક પર પછડાઇ અને એના નાજુક શરીર પરથી ટેમ્પાનું એક વ્હીલ ફરી ગયું.

એક કોમળ દર્દનાક ચીસથી વાતાવરણ ગાજી ઉઠ્યું, અને ત્યાં લોહીનું ખાબોચિયું ભરાઇ ગયું. જેકિશનભાઇ પણ એક બાજુ પડ્યા, સડકની કિનારે પડેલ પથ્થર સાથે માથું પછડાયું અને તરત બેભાન થઇ ગયા. જેકીશન ભાઈને આ આખોય બનાવ યાદ આવ્યો અને તેઓ કમકમી ઉઠ્યા. ભાનમાં આવતા જ એમને પહેલો સવાલ એ થયો કે –'હું ક્યા છું, મને આ શું થયું છે ?' અને પછી તરત બીજો સવાલ થયો, 'પીન્કીનું શું થયું ? એ ક્યાં છે ? એ કેમ છે ?'

આ સવાલો પૂર્વીને પૂછતી વેળા એ અત્યંત વિહ્વળ બની ગયા. અનેક શંકાકુશંકા થી મન ભરાઇ ગયું. પૂર્વી વિમાસણમાં પડી, પિતાની આવી ગંભીર હાલતમાં એમને પીન્કીના મોતના સમાચાર આપવા કે ન આપવા? ત્યાં જ નર્સ આવી અને ડોક્ટરની સૂચના મુજબ પેશન્ટને ઘેનનું ઇન્જેક્શન આપ્યું. જેકિશનભાઇ ગાઢ નિદ્રામાં સારી રહ્યા હતા, ત્યારે પૂર્વીના મનમાં એક જ વાત રમતી હતી, 'કિસકો ખબર હૈ કહાં છૂટ જાયે, જીવનકી ડોર બડી કમજોર.'

# સંસ્થા સમાચાર

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ



શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ આયોજીત 'દાંડી પથ' તા. ૨૩.૧૨.૨૦૧૮ને રવિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે રાખવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં સમાજના નાના-મોટા અને વડિલ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો...

નવસારી નગરપાલિકા પાસે સૌ ભગા મળી શરૂ થઇ 'દાંડી પથ' યાત્રા... પ્રથમ દાંડીના દરિયા કિનારે પહોંચી ચાને ન્યાય આપી ક્રિકેટ મેચ રમ્યા. જેમાં બે ટીમ બનાવી એક ટીમના કેપ્ટન સમાજના પ્રમુખશ્રી જતિનભાઇ અને બીજી ટીમના કેપ્ટન મંત્રીશ્રી દિપેશભાઇ.. પ્રથમ ટોસ ઉછાળી દિપેશભાઇએ ટોસ જીતી પ્રથમ દાવ લીધો અને ૮ ઓવરમાં ૨૪ રન કર્યા હતા. આ રનને ચેઝ કરવા જતિનભાઇની ટીમે ૭ ઓવર ને ત્રણ બોલમાં ૨૬ રન કરી વિજેતા થયા હતાં. સમાજના દરેક સભ્યોએ આ મચનો ઉત્સાહભેર આનંદ માણ્યો. ત્યારબાદ બહેનોએ ઉભી ખોની રમત રમ્યા અને બાળકો દરિયાની રેતીમાં ડુંગરો કે મહેલ કે પર્વત જેવા આકારો બનાવી રમતો રમ્યા. દાંડીના દરિયા કિનારેના પવનમાં પતંગોની પતંગબાજી કરી પેચ લેવાનો પણ સમાજના સભ્યોએ આનંદ માણ્યો..

બપોરે ૪.૦૦ કલાકે સેવ-ખમણી, સમોસા, ગરમા ગરમ ઉબાડીયું, ભેલ, વેફર વગેરેનો અલ્પાહાર કર્યો. સભ્યોએ મંત્રીશ્રી દિપેશભાઇએ સુદર નાસ્તાની વ્યવસ્થા કરવા બદલ આભાર માન્યો. ત્યારબાદ સમુદ્રસ્નાન અને સેલ્ફીની તથા આઇસક્રીમની મઝા માણી. પ્રમુખ શ્રી જતિનભાઇએ આ કાર્યક્રમમાં હાજર રહેલા સૌ સભ્યોનો ખૂબ ખૂબ આભાર માન્યો. ત્યારબાદ સૌ નવસારી જવા પરત ફર્યા.

આજના પ્રસંગે નીચે મુજબનું દાન મળ્યું.

| | |
|---|---|
| ૨૧૧ | મંજુબેન મુકેશભાઇ પંચોલી-યુ.કે. |
| ૨૦૦ | ઉષાબેન જયંતિભાઇ મિસ્ત્રી |
| ૨૦૦ | નિર્મળાબેન જયંતિલાલ પંચોલી |
| ૧૧૦ | સ્વ. ચંદ્રિકાબેન મહેશભાઇ પંચોલીના સ્મરણાર્થે હસ્તક હિરલબેન શીતલભાઇ પંચોલી |
| ૫૦ | શીલાબેન સતિષભાઇ મિસ્ત્રી |
| ૧૦૧ | રેણુકાબેન પંકજભાઇ પંચોલી |
| ૧૦૧ | તરૂલતાબેન જીતેન્દ્રભાઇ પંચોલી |
| ૧૫૧ | અપેક્ષાબેન-અલ્પાબેન અને મહેતા પરિવાર |
| ૧૦૦ | કેતનાબેન પંચોલી |
| ૧૦૦ | પ્રીતિબેન પરેશભાઇ પંચોલી |
| ૧૦૦ | હંસાબેન જે. પંચોલી |
| ૫૧ | ભાવનાબેન હિતેશભાઇ મિસ્ત્રી |
| ૫૧ | રેણુકાબેન બાબુભાઇ મોદી |
| ૫૧ | મોનાબેન વિજયભાઇ મિસ્ત્રી |
| ૫૦ | ધર્મિષ્ઠાબેન કલ્પેશભાઇ પંચોલી |
| ૫૦ | સીમાબેન દિપકભાઇ મિસ્ત્રી |
| ૫૦ | ઉષાબેન ગિરીશભાઇ પંચોલી |
| ૫૦ | મયુરીબેન દિપેશભાઇ પંચોલી |

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરનો મિલન સમારંભ તા. ૯.૧૨.૧૮ના રોજ અંકલેશ્વર સ્થિત લેકવ્યુ ગાર્ડનમાં બપોરે ૪.૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ત્રણ કપલ પહેલા આવે તેમને ઇનામ આપી નવાજવા. જેમાં શ્રીમતિ સંગીતાબેન અને રમણભાઇ છગનભાઇ પંચોલી, કલ્પનાબેન અને કનુભાઇ એન. પંચોલી તથા શ્રીમતિ મીનાબેન અને હિતેશકુમાર શાંતિલાલ મિસ્ત્રીને ઇનામ આપી નવાજ્યા હતા...

પ્રથમ સમુહ પ્રાર્થના બાદ પ્રમુખ શ્રી ડૉ. વિસ્મયભાઇ એમ. મિસ્ત્રીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. જેમાં દરેક જ્ઞાતિજનોને આવકારી નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.. તથા ક્રિકેટ મેચ અંગેના સલાહ સૂચનો આપ્યા હતા...

ત્યારબાદ સૌ રમતગમત રમ્યા હતા. જેમાં શ્રીમતિ ખુશ્બુ મિસ્ત્રી અને ક્રિના મિસ્ત્રીએ રમતગમતનું સંચાલન કર્યુ હતું. પ્રથમ સરપ્રાઇઝ ગેમ રમાડી ત્યારબાદ વિવિધ રમતો રમાડી જેના વિજેતા...

વન મિનિટ ગેમ : સોનલબેન મનોજભાઇ પંચોલી, જાગૃતિ પંચોલી, તિર્થ પંચોલી, નેહા મિસ્ત્રી
કપલ ગેમ : સોનલબેન અને વિશાલ
કેતકી અને જેસલ એમ. મિસ્ત્રી
નિકિતા અને ચિંતન એસ. પંચોલી
જાગૃતિ અને કૃણાલ આર. પંચોલી
ઇન્ડીયન-પાકિસ્તાન બૉર્ડર : રીયા અને તિર્થ
બૉલ થ્રૉ : સોનલ - કેતન - હેતલ
છોકરાઓ : અક્ષત મલય મિસ્ત્રી
સ્વયં ગ્રુપ - શ્રેયા - પ્રજેશ
નવ પરણિત યુગલોનું સન્માન કર્યુ હતું જેમાં શ્રીમતિ પ્રિયંકા અને ધવલકુમાર રાજેન્દ્રભાઇ મિસ્ત્રી અને શ્રીમતિ નિકિતા અને ચિંતનકુમાર શૈલેષભાઇ પંચોલીને ગીફટ આપી સનમાન્યા હતા

અંતમાં દાબેલી, પાવ વડા અને સેન્ડવીચનો રસાસ્વાદ માણી સૌ છુટા પડયા હતાં.

## શ્રી પંચોલી સેવા મંડળ - રાજપીપલા

પંચોલી સેવા મંડળ રાજપીપલાનો બીજો વાર્ષિક મિલન સમારંભ તપા પંથકુંડી ગાયત્રી યજ્ઞ પંચોલી વાડી રાજપીપલા ખાતે તા. ૧૬.૧૨.૨૦૧૮ને રવિવારના રોજ યોજવામાં આવ્યો

હવનમાં મનોજભાઇ ઇન્દ્રવદનભાઇ પંચોલી-કપલ, શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલી-કપલ, શ્રી નિખિલભાઇ તથા ગાયત્રીબેન, શ્રી દિનેશભાઇ પંચોલી-એડવોકેટ-કપલ, તથા ક્રિકેટ ટીમના ધ્વનીભાઇ, વૈભવભાઇ યજ્ઞપૂજનમાં બેઠા હતાં. આ દિવસે શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભાઇ પંચોલીની હેપી બર્થડે હતી. શ્રી ઇન્દ્રવદનભાઇ એસ. પંચોલી(ગાયત્રી પરિવાર) તથા ગાયત્રી પીરવારના ભાઇઓ - બહેનો દ્વારા પંચકૂડી યજ્ઞ વેદોકત રીતે શ્લોકો અને વિધિ મુજબ પવિત્ર વાતાવરણમાં પૂજન કરાવવામાં આવ્યું હતું. કોલેજ કક્ષના વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.(ફકત હાજર રહેલ કોલેજકક્ષાના વિદ્યાર્થીઓને જ ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

| નામ | અભ્યાસ |
|---|---|
| રાજવી દિનેશભાઇ પંચોલી | BSc. |
| ખુશ્બુ ગોપાલભાઇ પંચોલી | B.Com. |
| ધ્રુમીલ હસમુખભાઇ પંચોલી | B.Com. |
| શિવમ હરનીશભાઇ પંચોલી | B.E.Civil |
| કર્ણવ પ્રજેશભાઇ પંચોલી | B.E.Er. |
| જાનકી નરેશકુમાર પંચોલી | M.Sc. IISem |
| જૈનીશ યોગેશચંદ્ર પંચોલી | Dip. Computer |
| રીયા હરનીશચંદ્ર પંચોલી | M.M.B.S.1st |
| અર્થ હરનીશકુમાર પંચોલી | Dip.IT |

હાજર રહેલ વિદ્યાર્થીઓને રોકડ પારિતોષક આપી સન્માનવામાં આવ્યા હતાં.

પ્રમુખશ્રી જયેશભાઇ દ્વારા ઘાંચી પંચની વાડીના જીર્ણોધ્ધાર માટેની હાકલ કરવામાં આવી. સદર બાંધકામ માટે અગાઉ વાડી ટ્રસ્ટીઓ સાથે મિટિંગ કરી સંમતિ લેવામાં આવી હતી. ટ્રસ્ટીઓ વતી શ્રી કિશોરભાઇ રસિકભાઇએ ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે સદર બાંધકામ માટે આપણા સમાજે નવી ટીમને સહકાર આપવા સમાજને વિનંતી કરવામાં આવી. શ્રી સુરેશભાઇ જીવણભાઇ પંચોલી તથા શ્રી ઇન્દ્રવદનભાઇ પંચોલીએ પણ આ કામ માટે ખભા ખભા મીલાવી વાડી બાંધકામના પ્રોજેકટને આગળ ધપાવવા હાકલ

કરી હતી. ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઇ તથા શ્રી આશિષભાઇ સદર પ્રોજેક્ટના કામ માટે વહેમતથી પ્લાન બનાવ્યો છે.

પોગ્રામની પૂર્ણાહુતિ બાદ ભોજન(પ્રસાદી)નો ગરમા ગરમ રસાસ્વાદ સૌ જ્ઞાતિજનોએ કારોબારીની બહેનોએ સૌને ભાવથી પીરસી જમાડ્યા.

૧૦૦૦ શૈલેન્દ્રભાઇ ઉમંગભાઇ(શૈલેન્દ્ર સ્ટોર) દર વર્ષે રૂા. ૧૦,૦૦૦ પંચોલી સેવા મંડળને આજીવન દાન

૫૦૦૦ શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ તરફથી સ્વઃ જેકોરબા તથા સ્વ વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલી ના સ્મરણાર્થે શૈક્ષણિક વ્યાજ વપરાશ પેટ

૫૦૦૧ શ્રી સુરેશભાઇ જીવણભાઇ પંચોલી પ્રથમ તબક્કે વાડી બાંધકામ પેટે

૨૫૧ અરવિંદભાઇ પંચોલી પરિવાર તરફથી સ્વ. હેમલતાબેનની ૧૧મી પ્રર્ણાહૂતિ નિમિત્તે.

૧૦૦ શ્રી સુરેશભાઇ જીવણભાઇ પંચોલી ધે. ૧૨ કોમર્સના પ્રથમ આવનાર વિદ્યાર્થીને રોકડ પારિતોષક નિમિત્તે.

# મહિલા સમાચાર

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત

તા. ૨૨.૧૨.૨૦૧૮ને શનિવારના રોજ સુરત મહિલા મંડળની મિટિંગ જ્યોતિન્દ્ર દવે ગાર્ડનમાં ગાર્ડન પાર્ટી રૂપે રાખવામાં આવી હતી જેની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ નવા વર્ષની તથા આવનાર નવુ વર્ષ ૨૦૧૯ની સૌ બહેનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આજરોજ નવા મંત્રી તરીકે અલોકીબેન સંજયભાઇ જરીવાલાની સર્વાનુમતે નિમણૂંક રવામાં આવી. તેઓને ફુલ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. અલોકીબેન પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું કે મારામાં વિશ્વાસ મુકી મંત્રી પદ આપ્યુ તે બદલ સૌનો આભાર વ્યકત કર્યો તથા જણાવ્યું કે સાથે મળી મંડળના કાર્યો કરીએ અને સહકારથી આગળ વધીએ...

ત્યારબાદ ગ્રુપ ગેમ, કપલ ગેમ અને અંતાક્ષરી રમ્યા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી નવા પોગ્રામની ચર્ચા કરી છુટા પડ્યા...

આજનું દાન

૨૦૦ અલૌકી સંજયભાઇ જરીવાલા

૧૦૧ સરોજબેન અશોકભાઇ પંચોલી - ચિ.નિવાનની વર્ષગાંઠ નિમિત્તે.

૧૦૧ નીતાબેન યોગેશભાઇ મિસ્ત્રી તરફથી પ્રિયા અને પંથની વર્ષગાંઠ નિમિત્તે.

૧૦૦ મયુરીબેન રવિન્દ્રભાઇ મિસ્ત્રી તરફથી પૌત્રી હનીના જન્મની ખુશાલીમાં

૧૦૧ ભારતીબેન પ્રફુલભાઇ પંચોલી-વર્ષગાંઠ નિમિત્તે.

## શ્રી પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજ રાજપીપલાની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૮.૯.૨૦૧૮ના રોજ રેખાબેન આર. પંચોલીને તયાં રાખવામાં આવી. ગણેશ વંદનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. બાદમાં વેલકમ ડ્રિંકસના મોકટેલથી સ્વાગત કરવામાં આવ્યું.

'ટીચર્સ ડે' પ્રોજેક્ટ નિમિત્તે દરેક બહેનોએ સંબોધન કર્યુ. રાખડી નો પ્રોજેક્ટ હોવાથી સૌ બહેનો રાખડી બનાવીને લાવી હતી. અને બીજી આરતી શણગારની હરિફાઇ હોવાથી સુંદર આરતી ડેકોરેટ કરીને બહેનો લાવી હતી. એમાં વિજેતા પૂર્ણિમાબેન પંચોલી-પ્રથમ, ઉષાબેન પંચોલી-દ્વિતીય, અને હિનાબેન પંચોલી

તૃતીય આવ્યા.

ત્યારબાદ જનરલ નોલેજની ગેમ તથા હાઉસી ગેમ રાખવામાં આવી હતી. અને વિજેતાઓને રેખાબેને ઇનામ આપ્યા હતા. અંતમાં મસાલા ઢોસાને ન્યાય આપી આગામી મિટિંગ તા. ૧૨.૧૦.૨૦૧૮ના રોજ સ્નેહાબેન પંચોલીને ત્યાં રાખવાનું નક્કી કરી છુટા પડયા.

તા. ૧૨.૧૦.૧૮ના રોજ ભગીની સમાજની મહિલા મંડળની કારોબારીની મિટિંગ સ્નેહાબેન ડી. પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી સૌ પ્રથમ નવરાત્રી હોવાથી માતાજીની સ્તુતિથી થી મિટિંગની શરૂઆત કરી. ફેન્ટાથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. નવરાત્રી હોવાથી સૌ બહેનો ઘરેથી ફરાળી વાનગી બનાવીને તથા ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને આવી હતી. ફરાળી વાનગીના વિજેતા જયશ્રીબેન ડી. પંચોલી- ખાંડવી -પ્રથમ, દક્ષાબેન ડી. પંચોલી-ફરાળી સેન્ડવીચ (દ્વિતીય) અને ઉષાબેન એમ. પંચોલી-અપમ (તૃતિય) આવ્યા હતા. એના ઓનર નયનાબેન પંચોલીએ સૌ બહેનોને ઇનામ આપી નવાજ્યા હતાં.

પ્રોજેક્ટ મંત્રીએ આપલ પ્રોજેક્ટ મુજબ સરદાર વલ્લભભાઇ અને ગાંધીજી વિશે સૌ બહેનો બે શબ્દો બોલ્યા.

૧૦૦ દુર્વા વૈભવ પંચોલી-વર્ષગાંઠ નિમિત્તે
૧૦૦ અંજનાબેન ગોવિંદભાઇ પંચોલી-બરોડા તરફથી ભેટ મળી. નવરાત્રી નિમિત્તે સ્નેહાબેને ગરબાની રમઝટ બોલાવી અંતમાં પંજાબી ભોજનનો સ્વાદ માણી સરોજબેનને ત્યાં આગામી મિટિંગ રાખવાનું નક્કી કરી છુટા પડયા..

પંચોલી ભગીની સમાજની મિટિંગ તા. ૧.૧૧.૨૦૧૮ના રોજ સરોજબેનને ત્યાં રાખવામાં આવી હતી. જીરાસોડાથી સૌ બહેનોનું સ્વાગત કર્યુ. મંત્રીશ્રીએ ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો..
પ્રોજેક્ટ મુજબ દિવાળી નિમિત્તે રંગોળી હરિફાઇ રાખવામાં આવી હતી. સૌ બહેનોએ કાગળમાં રંગોળી પાડી સુંદર મઝાના ચિત્ર રજુ કર્યા હતા. આ સ્પર્ધાના વિજેતા પ્રથમ નયનાબેન પંચોલી, દ્વિતીય પૂર્ણિમાબેન પંચોલી અને તૃતિય દક્ષાબેન પંચોલી થયા. ઓનર જયશ્રીબેન તરફથી સૌને ઇનામ આપવામાં આવ્યા. હાઉસી ગેમ રમાડી ત્રણેય વિજેતાઓને સરોજબેને ઇનામો આપ્યા. આગામી મિટિંગ ચંપાબેનને ત્યાં રાખવાનું નક્કી કરી ભોજનને ન્યાય આપી સૌ છુટા પડયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ રેખાબેન રાજનભાઇ પંચોલી-અંકલેશ્વર બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવી હતી નવા વર્ષની વધાઇ અને જુના વર્ષની વિદાયના સંદર્ભે સર્વે બહેનો રેડ કલરના કપડામાં સજ્જ થઇ આવ્યા હતા. તથા નવા વર્ષ નિમિત્તુ રેખાબેને સુંદર ફુગ્ગાથી ડેકોરેશન કર્યુ હતું.

પ્રથમ સમૂહમાં પ્રાર્થના બાદ મંત્રીશ્રીએ ગત મિટિંગનો અહેવાલ વાંચ્યો હતો. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વીશ કરી ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી. ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષ ઉપરના માં દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને ૫૦ વર્ષથી નીચેનામાં હિરલબેન મિસ્ત્રી અને સાધનાબેન હેમલભાઇ મિસ્ત્રી વિજેતા થયા.

શિયાળો હોવાથી દક્ષાબેને આમળા અને તેના ફાયદા વિશે તથા નવા વષૃનું આયમન અને જુના વર્ષની વિદાય વિશે જણાવ્યું. મીરાબેને નવા વર્ષ અને મિટિંગ અને પ્રોજેક્ટ વિશે જાણકારી આપી. જુના વર્ષને બાયબાય કરી નવા વર્ષનું સેલીબ્રેશન કેક કાપીને કરવામાં આવ્યું. અગામી મિટિંગ તા. ૪.૧.૨૦૧૯ના રોજ ત્રિરંગી વસ્ત્રો પરિધાન કરી સોનલબેન વિશાલભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

ઍનીવર્સરી નિમિત્તે નીચે મુજબ દાન મળ્યું

૫૦ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
૫૦ ભાવના મલય મિસ્ત્રી
૫૦ મીનાબૅન ચંદુભાઇ પંચૉલી
૫૦ નીતાબૅન રાજૅશભાઇ પંચૉલી
૫૦ ગાયત્રી કૃપાલ પંચૉલી
૫૦ અનુરાધાબૅન મિસ્ત્રી
૫૦ મીનાબૅન છગનભાઈ મિસ્ત્રી
૫૦ ભાવનાબૅન ધર્મૅશભાઇ પંચૉલી
૫૦ સાધનાબૅન હૅમલભાઈ મિસ્ત્રી

દાતાઑનૉ તથા આજની મિટિંગ અનૅ અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવા બદલ રૅખાબૅન, હિરલબૅન તથા પરિવારજનૉનૉ આભાર વ્યકત કરી નાસ્તૉ અનૅ શરબતનૅ નયાય આપી છુટા પડ્યા.

## શ્રી બીલીમોરા મહિલા મંડળ-બીલીમોરા

બીલીમોરા મહિલા મંડળ ની સામાન્ય સભા તા.૨૧ ડિસેમ્બર ૨૦૧૮ ને શુક્રવાર ના રોજ શ્રીમતી જયશ્રીબેન બી.મિસ્ત્રી ના નિવાસ સ્થાને રાખવામા આવી હતી. વિદાય થતાં વર્ષ ૨૦૧૮ ને બાય બાય કરવા અને આવનાર નવાવર્ષને વધાવવા માટે સૌ બહેનો લાલ વસ્ત્રોમાં સજ્જ થઇને આવી હતી. ભારતની સામ્પ્રદાયિક્તા ના દર્શન આવા પ્રસંગે થાય છે. આપણે સૌ તહેવારોને ઉત્સાહથી ઉજવવા માટે હમેશાં તૈયાર જ હોઇએ છીએ.

સૌ પ્રથમ બધી બહેનો એ ગાયત્રી મંત્ર નું સ્મરણ કર્યું. ત્યારબાદ હાલમાં ચાલતા ઠંડી ના વાતાવરણ ને અનુરૂપ શાકભાજી અને વસાણાંની વાતો કરી. શ્રીમતી ઊર્મિલાબેને શિયાળામાં શરીરને અનુકૂળ થાય એવાં ખોરાકની માહિતી આપી. માનનીય કાશ્મીરાબેન અને શ્રીમતી દક્ષાબેને જુદા જુદા સુપની માહિતી આપી.પ્રમુખશ્રી શોભાબેને ગત વર્ષ દરમ્યાન જુદા જુદા પ્રોજેક્ટની માહિતી આપી. જાન્યુઆરી માસમાં બહેનોએ ગણદેવી વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી અને ૨૬મી જાન્યુઆરીએ બીલીમોરાની કેશરીચંદ ભાણાભાઇ કન્યાશાળામાં ધ્વજવંદન કાર્યક્રમ કર્યો. ફેબ્રુઆરીમાં એક દિવસીય પ્રવાસમાં બરૂમાળ અને રાબડામાં વિશ્વભંરીમાતાના મંદિરની મુલાકાત લીધી. માર્ચ મહિનામાં મહિલાદિનની ઉજવણી કરી. એપ્રિલમાસમાં બીલીમોરાના વૃધ્ધાશ્રમની મુલાકાત લઇ ત્યાના વૃધ્ધો સાથે સમય વિતાવ્યો. મે માસમાં ગુજરાત સ્થાપનાદિન નિમિત્તે ગુજરાતનાં ગુણગાન ગાતા ગીતોની રજૂઆત કરી.

જૂન માસમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ કર્યો. જુલાઇ માસમાં યોગાદિનની અને ઓગષ્ટ માસમાં બીલીમોરાની કેશરીચંદ ભાણાભાઇ કન્યાશાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી.સપ્ટેબર માસમાં શિક્ષક દિનની ઉજવણી કરી અને કછોલીમાં બહેરા મૂંગા ની શાળાની મુલાકાત લીધી. અંધજન દિનની ઉજવણીના સંદર્ભમાં ડૉ. ચિંતન ગાંધી નું પ્રવચન રાખ્યું. યુવા સંગઠન અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે બીલીમોરાની કેશરીચંદ ભાણાભાઇ કન્યાશાળાના પ્રાંગણમાં ઓકટોબર માસના પ્રોજેકટ અનુસાર ગરબા મહોત્સવનું આયોજન કર્યું. નવેમ્બર માસમાં બાળદિનની ઉજવણી બીલીમોરાની કેશરીચંદ ભાણાભાઇ કન્યાશાળામાં બાળકોને ચોકલેટ અને નોટબુક આપી કરી. વિક્રમ સંવત ૨૦૭૪ ના વર્ષને વિદાય આપવા સૌ એ ગીત ગાયા. એકબીજાને સાલમુબારક કર્યા.

ઈસવી સન ૨૦૧૮ને વિદાય આપી, ૨૦૧૯ ને આવકાર આપવા વેલકમ ગીત ગાયું અને સમૂહ ડાન્સ કર્યો. અંતે સ્વાદિષ્ટ ખીચું અને ગરમાગરમ સૂપની મજા માણી, નવા વર્ષમાં મળવાનું નક્કી કરી સૌ છૂટા પડ્યા.


**જીવન માં પાછળ જુઓ -**
**"અનુભવ" મળશે....**
**જીવન માં આગળ જુઓ -**
**"આશા" મળશે.......**
**આજુ બાજુ જુઓ -**
**"સત્ય" મળશે........**
**પોતાની અંદર જુઓ -**
**"પરમાત્મા" અને**
**"આત્મવિશ્વાસ" મળશે !!!!**

GujaratNuGaurav

# ટીપે ટીપે સરોવર ભરાય....

રૂા. ૫૦૦/- સંખેડા નિવાસી સ્વ. કિશનભાઈ(ગોપાલભાઈ) એ. પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી..
રૂા. ૧૫૦/- વ્યારા નિવાસી હર્ષવદન પરસોત્તમભાઈ મિસ્ત્રી તરફથી નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે.
રૂા. ૨૫૧/- રાજપીપલા નિવાસી અરવિંદભાઈ પંચોલી તરફથી સ્વ. હેમલતાબેનની ૧૧મી પૂણ્યતિથિ નિમિત્તે.





## એક વાર જાવુ હરીના ધામમાં

બોડેલી નિવાસી રસિકલાલ છીતાલાલ પંચોલી
તા.૦૩.૧૨ ૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા છે.



## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઈ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક
અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. અંબેલાલ વનમાળીદાસ પંચોલી વ્યારા | શ્રી હેમંતકુમાર રમણીકલાલ ગાંધી વ્યારા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**